*AAL-001-001480*

# AAL-001-001480

Seat No. ________

## B. A. (Sem. IV) (CBCS) Examination

**April / May – 2016**

## Gujarati : Paper - IX

*(Optional - I) (Old Course)*

*(પદ્યકૃતિનો અભ્યાસ 'સુંદરમ્‌નાં ગીતો')*

**Faculty Code : 001**
**Subject Code : 001480**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) વિભાગ-૧માં કુલ ૨૦ વિકલ્પો આધારિત પ્રશ્નો આપેલ છે.

(૨) વિભાગ-૨માં ચાર વર્ણનાત્મક પ્રશ્નો છે.

(૩) વિભાગ-૧ અને ૨ મળી કુલ ૫ (પાંચ) પ્રશ્નો છે.

(૪) બંને વિભાગમાં ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

### વિભાગ - I

૧ નીચે આપેલા પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : ૨૦

(૧) 'સુંદરમ્‌ના ગીતો' સંપાદિકાનું નામ શું છે ?

(A) સુધા પંડ્યા (B) ગીતા પંડ્યા

(C) મીના પંડ્યા (D) ઉષા પંડ્યા

(૨) 'સુંદરમ્‌' કયા યુગના કવિ છે ?

(A) અનુગાંધીયુગ (B) ગાંધીયુગ

(C) પંડિતયુગ (D) નર્મદયુગ

(૩) 'સુંદરમ્‌'ના કાવ્યોનું કયું સંપાદન તમારા અભ્યાસક્રમમાં છે ?

(A) કેટલાક કાવ્યો (B) સુંદરમ્‌ના કાવ્યો

(C) સુંદરમ્‌ના ગીતો (D) વસુધા

(૪) 'આ જગ તો જાણે જંગલની ઝાડી' - અલંકારને ઓળખાવો ?

(A) રૂપક (B) વ્યતિરેક

(C) ઉત્પ્રેક્ષા (D) ઉપમા

(૫) ઈ.સ. ૧૯૨૮-૨૯ સાબરમતીમાં 'બારડોલી'ને કાવ્ય કયા ઉપનામે પ્રસિદ્ધ થયું ?

(A) દક્ષિણાયન (B) ત્રિશુલ

(C) મરીચિ (D) સુંદરમ્

(૬) 'ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા' પંક્તિ કયા કાવ્યની છે ?

(A) હંકારી જા (B) દોડાવી જા

(C) સમારી જા (D) ચલાવી જા

(૭) દળણાં કોણ દળે છે ?

(A) શેઠ (B) માકોરબાઈ

(C) શોષિત (D) ગરીબ

(૮) 'હંકારી જા' ગીતમાં કવિ ભૂખી શબરી માટે કયો શબ્દ કે વિશેષણ યોજે છે ?

(A) યુગો ભૂખી (B) ભૂખી

(C) જનમ ભૂખી (D) આજન્મ ભૂખી

(૯) 'કોણ ?' ગીત રચનામા શીર્ષક સહિત કેટલી વખત પ્રશ્નાર્થ ચિહ્ન આવે છે ?

(A) ૧૩ (B) ૧૪

(C) ૧૫ (D ૧૨

(૧૦) કવિતા, સંગીત અને ગીતત્વ આ ત્રણ વાનાં 'સુંદરમ્'નાં મતે કોના ઘટકતત્ત્વો છે ?

(A) સૉનેટ (B) મુક્તક

(C) ખંડકાવ્ય (D) ગીત

(૧૧) માકોરનો 'ભૂખ પોકાર' કયા સમયે ડૂબી જાય છે ?

(A) પરોઢ થતાં પંખીના ટહુકા સાથે (B) સાંજે

(C) બપોરે (D) મધરાતે

(૧૨) 'સુંદરમ્' હાડે કવિ છે, એવું વિધાન કવિ સુંદરમ્ વિશે કોણે કરેલું ?

(A) ઉમાશંકર જોશી (B) રા.વિ. પાઠક

(C) અનંતરાય રાવળ (D) નિરંજન ભગત

(૧૩) 'એક આંખે તારી અમૃત વરસે ને બીજી ઝરે છે ________ !'

(A) ધૂમાડો (B) અંગારા

(C) અશ્રુધારા (D) દેવતા

(૧૪) 'મેરે પિયા' ગીત સુંદરમ્‌ના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(A) વરદા (B) યાત્રા

(C) મુદિતા (D) પલ્લવિતા

(૧૫) પ્રભુકૃપાની માત્ર એક મીટ / ઝલક કવિ એમની કઈ ગીત રચનામાં માંગે છે ?

(A) હું'જી (B) ધખના

(C) કણ રે આપો (D) ટીટોડી અને સાગર

(૧૬) 'વાઘ ને વરુ તારી વાટડી જુએ છે વીરા,

એને ઉદર છે ભૂખડી અપારજી' - પંક્તિમાંનો અલંકાર ઓળખાવો ?

(A) યમક (B) ઉપમા

(C) રૂપક (D) સજીવારોપણ

(૧૭) તલાવણીમાં રહેતો વર્ગ કયો છે ?

(A) તવંગર (B) ગરીબ

(C) અમીર (D) શોષક

(૧૮) પોઢેલી પાંપણનાં પડદા ઉપાડી જરા' - અલંકાર ઓળખાવો ?

(A) શબ્દાનુપ્રાસ (B) વર્ણાનુપ્રાસ

(C) ઉપમા (D) રૂપક

(૧૯) 'ભૂખી ડાંસ ઘંટી ગાજે રે,

ગાજે જેમ દુકાળિયાનું મોત' - અલંકાર ઓળખાવો ?

(A) ઉત્પ્રેક્ષા (B) રૂપક

(C) ઉપમા (D) સ્વભાવોક્તિ

(૨૦) '________ સ્થિર બેસી કોણ સનાતન જોતું વાટ?' (ખાલી જગ્યા પૂરો)

(A) સંધ્યાકાળે (B) સરવર કિનારે

(C) આંબા ડાળે (D) પર્વતને શિખરે

## વિભાગ - II

૨ કવિ સુંદરમ્ ને ઘડનારાં પરિબળોની ચર્ચા કરી તેમના સાહિત્યિક પ્રદાનને મૂલવો. ૧૦

**અથવા**

૨ સુંદરમ્‌ના મતે ગીત સ્વરૂપનાં લક્ષણોની ચર્ચા કરો. ૧૦

૩ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ગીતોમાં વ્યક્ત થયેલ અધ્યાત્મચિંતનને આધારે કવિ સુંદરમ્‌ની સિદ્ધિઓ વર્ણવો. ૧૦

**અથવા**

૩ 'સુંદરમ્‌નાં ગીતો'માં દીનદલિત સંવેદનને કેન્દ્રમાં રાખી આકલન કરો. ૧૦

૪ (અ) કોઈ પણ <u>એક</u> વિશે ટૂંક નોંધ લખો : ૦૮

(૧) 'સુંદરમ્‌ના ગીતો'માં વિષય વૈવિધ્ય

(૨) 'સુંદરમ્‌ના ગીતો'માં પ્રકૃતિ.

(બ) કોઈ પણ <u>એક</u> વિશે ટૂંક નોંધ લખો : ૦૮

(૧) 'સુંદરમ્'ની ગીત કવિ તરીકે મર્યાદાઓ

(૨) 'સુંદરમ્‌નાં ગીતો'માં પ્રેમલક્ષણાભક્તિ.

૫ નીચે આપેલ કાવ્યોમાંથી કોઈ પણ બે કાવ્યોનો આસ્વાદ કરાવો : ૧૪

(૧) ત્રણ પાડોશી.

(૨) ધખના.

(૩) દુનિયાનો દાતાર.

(૪) હંકારી જા.